કેસ દાખલ થયા તા. ૦૫–૦૭–૨૦૧૨

કેસ રજી. લીધા તા. ૦૫–૦૭–૨૦૧૨

કેસ ફેંસલ થયા તા. ૧૫–૦૬–૨૦૨૩

સમયગાળો: વર્ષ – માસ – દિવસ

**આણંદના મહે. ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આણંદ.**

ફોજદારી કેસ નંબર : ૨૪૮૬/૨૦૧૨
આંક –

શ્રી સરકાર ...... ફરીયાદી.

વિરૂધ્ધ

ભરતપ્રસાદ રામદેવ જયસ્વાલ,
ઉ. વ. ૪૮, મુળરહે. શીવાપાડ,
તા. ધનગરા,જી.સંતકબીર, ઉત્તરપ્રદેશ

...... આરોપી.

**બાબત :–** ઈ. પી. કો. કલમ – ૨૭૯,૩૩૭,૩૦૪(અ)તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબ.

ફરીયાદ પક્ષે વિદવાન એ.પી.પી. શ્રી ફટાણીયા
આરોપી તરફે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ મુજબ.

## // ચુકાદો //

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના હવાલાવાળી ટ્રક નંબર જી.જે.૧૫ એકસ ૪૬૮૧ ની તા. ૧૬/૦૫/૨૦૧૨ના રોજ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે આણંદથી નડીયાદ, રાવલપુરા ને.હા. નંબર (૮) ઉપર

પુરઝડપે અને બેફીકરાઈથી હંકારી આવી નડીયાદ તરફથી આવતી એસ.ટી.બસ નં.જી.જે.૧ ૮.વાય ૫૯૬૯ તેની સાઈડે આવતી હોય તે વખતે બસની ડ્રાઈવર સાઈડે ઘસીને જતાં એકસીડન્ટ કરી અંદર બેઠેલ પેસેન્જરો પૈકી સાહેદ નંબર–૧૦ ની નાની દીકરી ઘરતી ઉ.વ.૭ ને માથામાં તથા કપાળમાં ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી તથા સાહેદ નંબર–૧૪ ના દિકરા મેહુલ ઉ.વ.૧૪ નાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા સાહેદ નંબર–૧૨નાની દિકરી નિધી ઉ.વ.૧૪ ને માથા ઉપર ઈજા પહોંચાડી તથા સાહેદ નંબર ૧૬ થી ૧૮ નાઓને શરીરે વઘતા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી એસ.ટી.બસ તથા ટ્રકને નુકશાન પહોંચાડી ગુનો કરી ઈ.પી.કો.કલમ –૨૭૯,૩૩૭, ૩૦૪(અ) તથા મોટર વ્હીલ એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાનો આરોપી ઉપર આક્ષેપ છે.

## (૨) <u>પોલીસ કાર્યવાહી</u>

ઈ. પી. કો. કલમ – ઈ.પી.કો.કલમ –૨૭૯,૩૩૭,૩૦૪(અ) તથા મોટર વ્હીલ એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબના ગુના સબબની ફરીયાદ આ કામના ફરીયાદી એ આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં તે આધારે પી.એસ.ઓ. ધ્વારા ફ. ગુના રજી. નં. ૬૬/૨૦૧૨ થી ગુનો નોંધવામાં આવેલો. સદર ગુનાની તપાસ કરનાર અધિકારી એ તપાસ કરતાં જરુરી  પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ, આરોપીને અટક કરેલા અને આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

## (૩) <u>કોર્ટ કાર્યવાહી</u>

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૦, ૨૪૧ ની જોગવાઈ ઘ્યાને રાખી, આરોપી વિરૂઘ્ધ કેસની કાર્યવાહી ચલાવવા આરોપીની સામે તહોમતનામું ફરમાવી પ્લી નોંધવી ખુબજ જરૂરી છે પરંતુ હાલના કામે આરોપી વિરૂઘ્ધ વારંવાર પ્રોસેસ કાઢવા છતાં, આરોપીને નામદાર અદાલત સમક્ષ હાજર રખાવવામાં ફરીયાદપક્ષ અસફળ રહેલ હોય

અને હાલનો કેસ આશરે ૧૧ વર્ષ જુનો હોય, આરોપી મળી આવતા ન હોય અને તેથી હાલનો કેસ વિલંબે પડેલ હોય, કાર્યવાહી આગળ વધતી ન હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કામ આગળ વધારવા સારૂ હુકમ કરી હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

અત્રે ઉલ્લખેનીય છે આરોપીની ગેરહાજરીમા લેવામા આવેલ પુરાવામા જો આરોપી વિરૂધ્ધ અથવા તો આરોપીને ગુનાના કામે સાંકળતી હકીકત રેકર્ડ ઉપર આવેતો તેનો આરોપીની વિરૂધ્ધનો ઉપયોગ થઈ શકે યાને કે સદર પુરાવા પર આધાર રાખી આરોપી વિરૂધ્ધ હુકમ થઈ શકે.

અત્રે ઉલ્લેખનીય છે કે નામદાર ગુજારાત હાઈકોર્ટ ધ્વારા તા.૦૫/૦૭/ ૧૬ નારોજ સરકયુલર નંબર સી.૨૬૧૮/૨૦૧૬ થી નાસતા ફરતા આરોપીના કીસ્સામાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ અન્વયે ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૩(૬) અન્વયે હુકમ કરવા જણાવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાના કેસના સર્મથનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ</u>**

૧) આંક–૦૪થી સાહેદ બાબુભાઈ વાલજીભાઈ લુહારની જુબાની

૨) આંક–૦૫થી સાહેદ આશાબેન બાબુભાઈ લુહારની જુબાની

૩) આંક–૦૬થી ફરીયાદી નાશીરખાન કરીમખાનની જુબાની

૪) આંક–૦૮થી સાહેદ નીતાબેન અમરસિંહભાઈની જુબાની

૫) આંક–૦૯થી સાહેદ વિજયભાઈ ગોપાલદાસની જુબાની

૬) આંક–૧૦થી સાહેદ યુવરાજ હસમુખભાઈનીજુબાની

૭) આંક–૧૧થી પંચસાહેદ અમરસિંહ ભરતસિંહ પઢીયારની જુબાની

૮) આંક–૧૩થી પંચ સાહેદ વીક્રમભાઈ ઉર્ફે વિઠ્ઠલભાઈ લુહારની જુબાની

૯)આંક–૧૫થી પંચ સાહેદ જયંતીભાઈ નાનુભાઈ રાઠોડની જુબાની

૧૦) આંક–૧૭થી સાહેદ મહેન્દ્રભાઈ વદેસિંગ બારીયાનીજુબાની

૧૧) આંક–૧૮થી સાહેદ મનોજભાઈ વદેસિંગ બારીયાની જુબાની

૧૨)આંક–૧૯થી સાહેદ અમીતકુમાર ઠાકોરભાઈ બ્રહમભટ્ટની જુબાની

૧૩) આંક–૨૧થી પોલીસ સાહેદ ગુલામમુસ્તફા અબ્બાસમીંયાની જુબાની

૧૪) આંક–૨૨થી ત.ક.અ. ખુશાલભાઈ બેચરભાઈ મકવાણાની જુબાની

**દસ્તાવેજી પુરાવાઓ**

૧) આંક–૦૭થી ફરીયાદ

૨)આંક–૧૨થી ઈન્કવેસ્ટ પંચનામુ

૩) આંક–૧૪થી ઈન્કવેસ્ટ પંચનામુ

૪)આંક–૧૬થી ગુનાવાળી જગ્યાનું પંચનામું

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો બંધ કરેલાનું જાહેર કરેલ હોઈ ફરીયાદ પક્ષનો પુરાવો ન્યાયના હીતમાં બંધ કરવામાં આવેલ.

## (૫) **બચાવપક્ષનો પુરાવો**

ફરીયાદપક્ષે સદર કામે મૌખિક વિનંતિના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવા ધ્યાને લેવામાં આવે, અને આરોપી વિરૂધ્ધની કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ મુજબ ચલાવવામાં આવેલ હોય, આરોપીનુ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ નથી.

## (૬) **દલીલો**

આ કામમાં ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી ની દલીલો

સાંભળવામાં આવેલ છે.

## (૭) <u>મુદ્દાઓ</u>

ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના હવાલાવાળી ટ્રક નંબર જી.જે.૧૫ એકસ ૪૬૮૧ ની તા. ૧૬/૦૫/૨૦૧૨ના રોજ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે આણંદથી નડીયાદ, રાવલપુરા ને.હા. નંબર (૮) ઉપર પુરઝડપે અને બેફીકરાઈથી હંકારી આવી નડીયાદ તરફથી આવતી એસ.ટી.બસ નં .જી.જે.૧૮.વાય ૫૯૬૯ તેની સાઈડે આવતી હોય તે વખતે બસની ડ્રાઈવર સાઈડે ઘસીને જતાં એકસીડન્ટ કરી અંદર બેઠેલ પેસેન્જરો પૈકી સાહેદ નંબર–૧૦ ની નાની દીકરી ધરતી ઉ.વ.૭ ને માથામાં તથા કપાળમાં ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી તથા સાહેદ નંબર–૧૪ ના દિકરા મેહુલ ઉ.વ.૧૪ નાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા સાહેદ નંબર–૧૨નાની દિકરી નિધી ઉ.વ.૧૪ ને માથા ઉપર ઈજા પહોંચાડી તથા સાહેદ નંબર ૧૬ થી ૧૮ નાઓને શરીરે વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી એસ.ટી.બસ તથા ટ્રકને નુકશાન પહોંચાડી ગુનો કરી ઈ.પી.કો.કલમ –૨૭૯,૩૩૭, ૩૦૪(અ) તથા મોટર વ્હીલ એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આરોપીએ કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

## // કારણો //

**મુદ્દા નંબર ૧ V\U [:-**

(૯) સદર કેસમાં પડેલ પુરાવા અંગે ચર્ચા કરતા પહેલા ફોજદારી કેસને લાગુ પડતા પુરાવાના નિયમ અંગે Jarnail singh v. State of panjab,AIR 1996 SC 755 માં એવુ ઠરાવવામાં આવેલ છે કે " ફોજદારી કેસના ગુના સંબંધી આરોપીને શંકારહિત રીતે કસુરવાર પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે. ફરીયાદી એમ કરવામાં નિષ્ફળ જાય તો ત્યાર બાદ પોતાની નિર્દોષતા પુરવાર કરવા આરોપીએ કાંઈ કહેવાનું કે કરવાનું રહેતું નથી. ફોજદારી કેસમાં ગુનાહિત કૃત્યને આરોપી સુધી લઈ જવાની જવાબદારી ફરીયાદીની છે. ફરીયાદપક્ષે એકવાર આરોપી વિરૂઘ્ધ પુરાવો આપ્યો હોય ત્યારબાદ આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવી જોઈએ એવી રજુઆત બરાબર નથી કારણ કાયદાઓ એવી કોઈ જવાબદારી આરોપીને શીરે લાદવા નથી. એણે તો ફકત વાજબી કહી શકાય તેવી શંકા જ ઉભી કરવાની હોય છે".

વધુમાં .aramjeet singh v/s state of uttarakhand AIR 2011 SC 200 એવું ઠરાવેલ છે કે વાસ્તવિકતા અને સચ્ચાઈની દુનીયાથી અલિપ્ત હોય તે રીતે ફોજદારી ન્યાયના શાસનમાં પાયાનું અનુમાન એવું છે કે જયાં સુધી આરોપી સામે તેણે ગુનાહિત કૃત્ય કયુ હોવાનું શંકારહિત રીતે પુરવાર નહિં થાય, ત્યાં સુધી તેને નિર્દોષ જ ગણવાનો છે. ગુનો પુરવાર કરે તુવો પુરાવો પણ સ્પષ્ટ, જોરદાર, વિશ્ર્વસનીય અને જેને ખોટો ઠેરવીને ઉખાડી શકાય નહીં તેવો હોવો જોઈએ. એવા આરોપી માટે તેણે કરેલા કહેવાતા ગુનાની અત્યંત ઘાતકી અને પૈશાચિક સ્વરૂપની કથા સાંભળીને એને ગુનેગાર ગણીને સજા ફટાકારી શકાય નહીં. આરોપીએ જ એ ગુનો કર્યો હોવાની શંકા ગમે તેટલી બળવત્તર હોય કે શકયતાથી ભરેલી હોય, તો પણ તે કાનૂની પુરાવાનો વિકલ્પ બની શકે નહીં એવા પુરાવાના સમર્થન વિના એને ગુનેગાર કહી શકાય નહિં. અને આરોપી સામેનો આરોપી જેમ વધુ ગંભીર હોય તેમ પ્રમાણમાં એવો પુરાવો પણ અધિકાર વિશ્ર્વસનીય હોવો જરૂરી છે. ફોજદારી કેસ સાંભળનાર કોર્ટો હરહંમેશ એ બાબત

ખ્યાલમાં રાખવાની છે કે પુરાવો સાચો હોઈ શકે અને પુરાવો સાચો જ છે કે હોવો જોઈએ એ બંને સ્થિતિ વચ્ચે બહુ જ મોટું માનસિક અંતર રહેલું છે. એવી સ્થિતિમાં એવો પાયાનો અને સોનેરી સિદ્ધાંત કોર્ટને માટે ધ્રુવ તારક બની શકે, કે જેને આધારે તે કેવળ ધારણા અને નિયત નિષ્કર્ષ વચ્ચેનો તફાવત સમજી શકે. એ માટે લાગણી કે ભાવનામાં ખેંચાયા વિના તટસ્થ ભાવના કસોટીથી સત્યની શોધ કરવાની હોય છે. એ માટે ન્યાયધીશે કેસનાં તમામ પાસાઓનું સર્વગ્રાહી અવલોકન કરવા સાથે કેસમાં રજૂ કરાયેલા પુરાવાઓની ગુણવતા તથા વિશ્વનીયતા પણ તપાસવાની રહેશે. ગુનાહિતકૃત્ય જેટલું વધારે ગંભીર હોય, ત્યારે પુરાવા માટે પણ વધારે કાળજી રાખવી જરૂરી છે એ માટે વધુ મજબૂત પુરાવાની અપેક્ષા રહે છે.

આમ ઉપરોકત ચુકાદા ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તે હકીકત ફરીયાદપક્ષે નિશંક પણે સાબિત કરવાની હોય છે અને આરોપીએ તેની નિર્દોષતા અંગે કોઈ પુરાવા આપવાની જરૂરત રહેતી નથી અને ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરે ત્યારે આરોપીએ તેના અસ્તીત્વ અંગે માત્ર વ્યાજબી શંકા ઉભી કરવાની રહે છે. પરંતુ સાથે સાથે કોર્ટની ભુમિકા અંગે રણજીત સિંગ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ૨૦૧૧ ક્રિમીનલ લો જનરલ ૨૮૩ (એસ.સી.) માં એવુ ઠરાવેલ છે કે COURT has to assess to what extent deposition of a witness can be relied upon.court haS to separate falsehood from truth. Whole evidence of such a witness can be discarded only in exceptional circumstances when it is not possible to separate grain from chaff because they are inextricably mixed up. આમ, ઉપરોકત તમામ ચુકાદાઓ ધ્યાને લેતા ફલીત થાય છે કે આરોપીનો દોષ સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે હોય છે અને ફરીયાદપક્ષે આરોપીનો દોષ સાબિત કરવા એવો પુરાવો આપવો પડે છે કે જે પુરાવા ઉપરથી કોર્ટ કોઈપણ જાતની શંકા રહિત એવા નીષકર્શ પર પહોચે કે આરોપીએ જ ગુન્હો કરેલ છે. એટલે કે ફરીયાદપક્ષે તેનો કેસ નિશંકપણે સાબિત કરવાનો રહે છે. અને વધુમાં પુરાવાનું વિશ્લેષણ કરતી વખતે કોર્ટે સત્ય તથા અસત્યને અલગ કરીને દોષ બાબતે ચુકાદો

આપવાનો રહે છે

**(૧૦)** સદર કામે ફરીયાદ પક્ષે સૌપ્રથમ બાબુભાઈ વાલજીભાઈ લુહારને આંક–૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદની જુબાનીમાંથી એવી હકીકત બહાર આવેલ છે કે બનાવ આજથી પાંચ છ વરસ પહેલા સવારના આઠથી નવમાં રોડ પર બનેલો. બનાવ સમયે તેઓ ઘરે હતાં બનાવની જાણ તેઓને ફોનથી થયેલ કે તેઓની દીકરી ધરતીને અકસ્માતમાં વાગેલ છે અને શ્રી કૃષ્ણ હોસ્પીટલમાં સારવાર માટે લાવેલ છે અને તેઓની ભત્રીજીને માથામાં કપાળ વાગેલ હતું અને તેઓની ભત્રીજી મરણ ગયેલ હતી. ટ્રકનો નંબર તેઓને ખબર નથી.

**(૧૧)** ફરીયાદપક્ષેથી આંક–૫ થી સાહેદ આશાબેન બાબુભાઈ લુહારને તપાસવામાંઅ ાવેલ છે. સદર સાહેદની જુબાનીમાંથી એવી હકીકત બહાર આવેલ છે કે બનાવ આજથી પાંચ છ વરસ પહેલા બનેલો. બનાવમાં તેમની ભત્રીજી ધરતીને ઈજા થતાં શ્રી કૃષ્ણ હોસ્પીટલમાં દાખલ કરેલ છે અને તેણી મરણ ગયેલ છે.

**(૧૨)** ફરીયાદી કે જેઓ અકસ્માત સમયે એસ.ટી.ના ડ્રાઈવર હતી તેઓને ફરીયાદપક્ષે આંક–૦૬ થી તપાસવામાં આવેલ છે. તા. ૧૬/૦૫/૨૦૧૨ ના રોજ સવારના તેઓ એસ.ટી.ડેપો ખેડામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતાં. તેઓની નોકરીનો સમય સવારે ૬/૩૦ થી ૧૯/૪૫ નો હતો તેઓ જી.જે.૧૮.વાય.૫૯૬૯ ની બસ ખેડાથી માતર થઈ છોટાઉદેપુર જવા નીકળેલા અને કન્ડકટર તરીકે અમીતકુમાર હતા અનેતેઓ માતર થઈ નડીયાદ થઈ વડોદરા જતા રાવળાપુરા નજીક એક રીક્ષા જતી હતી તેની ઓવરટેક કરવા જતા એક ટ્રક આવતી હતી એણે તેઓની બસની ડ્રાયવર સાઈડે ટકકર મારી આગળ નીકળી ગયેલો. પેસેન્જરનાઓને નાની મોટી ઈજાઓ થયેલી. સદર અકસ્માતમાં ટ્રકનો ડ્રાઈવર ગાડી મુકીને જતો રહેલો. જેથી તેને જોયેલો નહી.

**(૧૩)** ફરીયાદપક્ષેથી આંક–૦૮ થી સાહેદ નીતાબેન અમરસિંહભાઈ ભોઈને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ બનાવ સમયે બનાવ સ્થળે અકસ્માતમાં ભોગબનનાર વાહનમાં સવાર હતાં તેઓના પુરાવામાંથી એવી હકીકત બહાર આવેલ છે કે બનાવ આશરે આઠ વર્ષ પહેલા બનેલો. તેઓ છોટા ઉદેપુરવાળી બસમાં બેસી અડાસ આવતા હતા ત્યારે સવારના આઠ વાગ્યાના સુમારે રાવળાપુરા બસ સ્ટેશન પાસે એક રીક્ષાને ટ્રક ઓવર ટેક કરવા જતાં ડ્રાઈવર સાઈડના ભાગે ટ્રક અથડાયેલી. તેમની દિકરીને મોઢાના ભાગે ઈજાઓ થયેલી. ટ્રકનો નંબર જે તે વખતે લખાવેલો હાલ યાદ નથી.

**(૧૪)** ફરીયાદપક્ષેથી આંક–૦૯ થી સાહેદ વીજયભાઈ ગોપાલદાસ કંસારાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ બનાવ સમયે બનાવ સ્થળે અકસ્માતમાં ભોગબનનાર વાહનમાં સવાર હતાં અને તેઓ ઈજાપામનાર સાહેદ છે. તેઓના પુરાવામાંથી એવી હકીકત બહાર આવેલ છે કે બનાવ આશરે આઠ વર્ષ પહેલા બનેલો. તેઓ છોટા ઉદેપુરવાળી બસમાં બેસી અડાસ આવતા હતા ત્યારે સવારના આઠ વાગ્યાના સુમારે રાવળાપુરા બસ સ્ટેશન પાસે એક રીક્ષાને ટ્રક ઓવર ટેક કરવા જતાં ડ્રાઈવર સાઈડના ભાગે ટ્રક અથડાયેલી. તેઓને જમણા હાથે ઈજાઓ થયેલી. ટ્રકનો નંબર જે તે વખતે લખાવેલો હાલ યાદ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષેથી આંક–૧૦ થી સાહેદ યુવરાજ હસમુખભાઈ બ્ર હમભટ્ટને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ બનાવ સમયે બનાવ સ્થળે અકસ્માતમાં ભોગબનનાર વાહનમાં સવાર હતાં તેઓના પુરાવામાંથી એવી હકીકત બહાર આવેલ છે કે બનાવ આશરે આઠ વર્ષ પહેલા બનેલો. તેઓ છોટા ઉદેપુરવાળી બસમાં બેસી અડાસ આવતા હતા ત્યારે સવારના આઠ વાગ્યાના સુમારે રાવળાપુરા બસ સ્ટેશન પાસે એક રીક્ષાને ટ્રક ઓવર ટેક કરવા જતાં ડ્રાઈવર સાઈડના ભાગે ટ્રક અથડાયેલી. તેમની

દિકરીને મોઢાના ભાગે ઈજાઓ થયેલી. ટ્રકનો નંબર જે તે વખતે લખાવેલો હાલ યાદ નથી.

(૧૬) ફરીયાદપક્ષેથી આંક–૧૧ થી સાહેદ અમરસિંહ ભરતસિંહ પઢીયારને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૧૨ થી રજુ કરેલ મરણોત્તર પંચનામાના પંચ સાહેદ છે. તેઓની જુબાનીમાંથી એવી હકીકત બહાર આવેલ છે કે તેમના સાળા મનોજભાઈ બારીયાના દિકરા મેહુલભાઈનું અકસ્માતમાં મૃત્યુ થયેલ હોય તેઓને શ્રી કૃષ્ણ હોસ્પીટલ ખાતે પોસ્ટમોર્ટમ રૂમમાં બોલાવેલા અને લાશનું પંચનામું કરવાનું હોય તેઓને સંમતી આપેલી. બાદ આંક–૧૨ વાળા મરણોત્તર પંચનામામાં તેઓએ સહી કરેલી.

(૧૭) ફરીયાદપક્ષેથી આંક–૧૩ થી સાહેદ વીક્રમભાઈ ઉર્ફે વિઠૃલભાઈ લુહારને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૧૪ થી રજુ કરેલ મરણોત્તર પં ચનામાના પંચ સાહેદ છે. તેઓની જુબાનીમાંથી એવી હકીકત બહાર આવેલ છે કે તેમના સાળા મરાજુભાઈ વાલજીભાઈ ની દિકરી ધરીતીનું અકસ્માતમાં મૃત્યુ થયેલ હોય તેઓને શ્રી કૃષ્ણ હોસ્પીટલ ખાતે પોસ્ટમોર્ટમ રૂમમાં બોલાવેલા અને લાશનું પંચનામું કરવાનું હોય તેઓને સંમતી આપેલી. બાદ આંક–૧૪ વાળા મરણોત્તર પંચનામામાં તેઓએ સહી કરેલી.

(૧૮) ફરીયાદપક્ષેથી આંક–૧૫ થી સાહેદ જયંતીભાઈ નાનુભાઈ રાઠોડને તપાસવામાં અ ાવેલ છે. તેઓ આંક–૧૫ થી રજુ કરેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેઓની જુબાનીમાં અકસ્માતવાળી જગ્યાનું તથા અકસ્માત થયેલ વાહન એસ.ટી.બસ તથા ટ્રકનું વર્ણન કરેલ છે. સાહેદે આંક–૧૬ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામા પં ચ સાહેદ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે.

(૧૯) ફરીયાદપક્ષેથી આંક–૧૭ થી સાહેદ મહેન્દ્રભાઈ વદેસિંગભાઈ

બારીયાને તપાસવામાં આવેલ છે. તેઓ બનાવ સમયે અને સ્થળ અકસ્માતમાં ભોગબનનાર એસ.ટી.બસમાં મુસાફરી કરનાર સાહેદ છે. તેઓના પુરાવામાંથી એવી હકીકત બહાર આવેલ છે કે બનાવ તા. ૧૬/૦૫/૨૦૧૨ ના રોજ બનેલો. તેઓ તથા તેમનો ભત્રીજોબસમાં ડ્રાઈવરની પાછળની સીટમાં બેઠા હતાં અને તેઓ સવારના આશરે સાડા આઠ પોણા નવ વાગ્યાના સુમારે ને.હા.ન. રાવળપુરા ગામ પાસે પહોંચેલા તે વખતે વડોદરા તરફથી એક ટ્રકે રીક્ષાને ઓવરટેક કરી ને સ્પીડમાં તેઓની તરફ આવેલી અને બસ સાથે ડ્રાઈવર સાઈડ અથડાયેલી. સદર અકસ્માતના બનાવમાં તેઓના ભત્રીજાને માથામાં ગંભીર ઈજાઓ થયેલી અને તેઓને પણ શરીરે વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલી. જેથી તેમના ભત્રીજાને સામરખા ચોકડી સ્મીત હોસ્પીટલમાં લઈ ગયેલા અનેવધુ સારવાર માટે કરમસદ હોસ્પીટલમાં લઈ ગયેલા. તેમનો ભત્રીજો બેભાન અવસ્થામાં હતો અને કોમામાં જતો રહેલોઅને પંદર દિવસ બાદ ગુજરી ગયેલો. એસ.ટી.બસ સાથે અથડાયેલ ટ્રકનો નંબર તેઓને ખબર નથી અને ડ્રાઈવર કોણ હતો તેની પણ તેઓને ખબર નથી. પરંતુ અકસ્માત સમયે ટ્રક પુરઝડપે આવી બસને અથડાવી દીધેલી.

(૨૦) ફરીયાદપક્ષેથી આંક-૧૮ થી સાહેદ મનોજભાઈ વદેસિંગ બારીયાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદને બનાવની જાણ તેમના ભાઈ મહેન્દ્રભાઈએ કરેલી હતી. જેથી સદર સાહેદનો પુરાવો હીયરસે સ્વરૂપનો હોય તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ નથી.

(૨૧) ફરીયાદપક્ષેથી આંક-૧૯ થી સાહેદ અમીતકુમાર ઠાકોરભાઈ બ્ર હભટ્ટને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ બનાવ સમયે અને સ્થળ હાજર હતાં અને બનાવમાં ભોગબનનાર એસ.ટી.બસના કન્ડકટર છે તેઓનો પુરાવો મહત્વનો પુરાવો છે. તેઓની જુબાનીમાંથી એવી હકીકત બહાર આવેલ છે કે બનાવ તા. ૧૬/૦૫/૨૦૨૧ ના રોજ સવારે સાડા આઠ વાગ્યાની આસપાસ રાવળપુરા પાટીયા આણંદ મુકામે બનેલો. તેઓ ખેડા ડેપોમાંથી બસ નંબર જી.જે.૧૮ વાય ૫૯૬૯ નીલઈને ખડાથી માતર થઈ છોટા ઉદેપુર

જવા માટે નીકળેલા અને બસના ડ્રાઈવર નાસીરખાન પઠાણનાઓ હતાં. બસ રાવળપુરા પાસે પહોંચી ત્યારે આણંદ–સામરખા ચોકડી તરફથી એક ટ્રક ચલાક પુરઝડપે બેફીકરાઈ થી તેઓની બસને ડ્રાઈવરે સાડે ટકકર મારી બસને ઘસડાઈને આગળ નીકળી ગયેલ. જેથી બસમાં બેઠેલ પેસેન્જરોને નાની મોટી ઈજાઓ થયેલી. તેઓએ ટ્રકનો નંબર જોયેલો જે જી.જે.૧૫ એકસ ૪૬૮૮ નો હતો. બનાવની ફરીયાદ ડ્રાઈવર નાસીરખાને આપેલી. તેઓએ ટ્રકના ડ્રાઈવરને જોયેલો નહી.

**(૨૩)** ફરીયાદપક્ષેથી આંક–૨૧ થી પોલીસ સાહેદ ગુલામમુસ્તફા અબ્બાસમીંયા ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ અકસ્માતની ફરીયાદ નોંધેલી અને આગળની તપાસ ખુશાલભાઈ બેચરભાઈને સોંપી આપેલી. આ સિવાય બીજી કોઈ કાર્યવાહી તેઓએ કરેલ નથી.

**(૨૪)** ફરીયાદપક્ષેથી આંક–૨૨ થી ત.ક.અમલદાર ખુશાલભાઈબેચરભાઈ મકવાણાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પી.એસ.ઓ. તરફથી ગુ.ર.નં.૬૬/૧૨ ની તપાસ તેઓને મળતાં તેઓએ તપાસ સંભાળી લીધેલી તેમજ જરૂરી પંચનામાઓ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી લીધેલા. આરોપીની ધરપકડ કરી નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલા. બાદ ઈજા પામનારના સારવાર સર્ટી તથા મરણજનારના પી.એમ. નોટસ વિગેરે મેળવી કામમાં સામેલ રાખેલ. આરોપી સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખે છે.

**(૨૫)** આમ, ફરીયાદપક્ષે મુખ્યત્વે, વાહન અકસ્માતના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી વાહન ચલાવવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌપ્ર થમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી વાહન ચાલક બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાના હવાલાવાળા વાહન હંકારતો હતો. ફોજદારી બેદરકારી

રીતે વાહન ચલાવવાની બાબતમાં પુરાવાના અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર આરોપીને ગફલતભરી રીતે કે બેદરકારીથી વાહન હંકારવા બદલ દોષીત ઠરાવી શકાય નહી. આ બાબતમાં નામદાર ઓરીસ્સા વડી અદાલતે ૧૯૯૪ ક્રીમીનલ લો જનરલ, પાના નં.૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ '' બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ના કેસના ચુકાદામાં ઠરાવેલ છે કે,

(A) U/s.279 of the Penal Code (45 of 1860) The Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established. Mere carelessness of error of judgement, not sufficient. Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused. Bare statement that vehicle was being driven in high speed, not sufficient. Accused entitled for acquittal.

(B) JW]DF\ V[D 56 9ZFJ[, K[ S[4 "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :Rash and negligent driving or riding on a public way.The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

(૨૬) ઉપરોકતો નોંધ્યા અને ચર્ચા કર્યા મુજબ હાલના કેસમાં, ફરીયાદપક્ષેથી આંક–૦૪ થી બાબુભાઈ વાલજીભાઈ લુહારને તપાસવામાં આવેલ છે. સદર સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતાં બનાવ સમયે સાહેદ ઘરે હતાં તેથી તેઓનો પુરાવો હીયરસ ે સ્વરૂપનો હોય તેઓની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. **તેજ** રીતે આંક–પ થી તપાસવામાં સાહેદ આશાબેન બાબુભાઈ લુહાર કે જેઓ આંક–૬ થી રજુ કરેલ મરણોત્તર પંચનામાના પંચ સાહેદ છે. તેઓ માત્ર આંક–૬ વાળા પંચનામામાં સહી કરેલ હતી. ફરીયાદપક્ષેથી આંક–૧૧ થી પંચ સાહેદ અમરસિંહ

ભરતસિંહ પઢીયારને તપાસવામાં આવેલ છે. જેઓ આંક–૧૨થી રજુ કરેલ મરણોત્તર પંચનામાના પંચ સાહેદ છે. તેઓ માત્ર આંક–૧૨ વાળા પંચનામામાં સહી કરેલ હતી. ફરીયાદપક્ષેથી આંક–૧૩ થી પંચ સાહેદ વિક્રમભાઈ ઉર્ફે વિઠૃલભાઈને તપાસવામાં આવેલ છે. જેઓ આંક–૧૪થી રજુ કરેલ મરણોત્તર પંચનામાના પંચ સાહેદ છે. તેઓ માત્ર આંક–૧૪ વાળા પંચનામામાં સહી કરેલ હતી.તેજ રીતે આંક–૧૫ થી પંચસાહેદ જયંતિભાઈ નાનુભાઈ રાઠોડને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૧૬ થી રજુ કરેલ ગુનાવાળી જગ્યાનાં પંચસાહેદ છે તેઓએ ગુનાવાળી જગ્યાનું તથા અકસ્માતમાં ભોગબનેલ એસ.ટી.બસ તથા ટ્રકની સ્થિતિનું નિરૂપણ કરેલ છે. **તેજ રીતે** ફરીયાદપક્ષેથી આંક–૧૭ થી સાહેદ મહેન્દ્રભાઈ વદેસિંગભાઈ બારીયાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવો ખુબજ મહત્વનો છે કારણકે બનાવ સમયે અને સ્થળે તેઓ અકસ્માતમાં ભોગબનનાર એસ.ટી.બસમાં મુસાફરી કરતાં હતાં તેઓનો પુરાવો પણ જીણવટભરી રીતે ચકાસી લઈએ તો, તેઓના પુરાવામાંથી બનાવમાં એસ.ટી. બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયેલ અને સદર અકસ્માતમાં તેઓનો ભત્રીજો ગુજરી ગયેલ અને તેઓને પણ શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજા થયેલી હતી અને બનાવ સમયે ટ્રક પુરઝડપે આવી તેઓની બસને ટકકર મારી દીધેલી તેટલી જ હકીકત બહાર આવેલ છે.**તેજ રીતે** આંક–૧૮ થી સાહેદ મનોજભાઈ વદેસિંગ બારીયાને તપાસવામાં આવેલ છે. તેઓ બનાવ સમયે ઘરે હતાં અને બનાવની જાણ તેઓને તેમના ભાઈએ ફોન ધ્વારા કરેલી હતી. આમ, સદર સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ ન હોય તેઓનો પુરાવો હીયરસે સ્વરૂપનો બની જાય છે. વધુમાં ફરીયાદપક્ષેથી આંક–૧૯ થી સાહેદ અમીતકુમાર ઠાકોરભાઈ બ્રહમભટૃને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ બનાવમાં ભોગબનનાર એસ.ટી. બસમાં કન્ડકટર હતાં તેઓનો પુરાવો ખુબજ મહત્વનો છે. તેઓની જુબાનીમાંથી માત્ર એટલી જ હકીકત બહાર આવેલ છે કે બનાવ સમયે અને સ્થળે આણંદ–સામરખા ચોકડી તરફથી એક ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી આવેલી અને તેઓની બસને ડ્રાઈવર સાઈડે ઘસડાઈ અકસ્માત કરેલ. **તેજ રીતે** આંક–૨૧ થી તપાસવામાં

આવેલ પોલીસ સાહેદ ગુલામમુસ્તફા ઠાકોરની જુબાનીનું મુલ્યાંકન કરતાં તેઓ ફરીયાદીની ફરીયાદ નોંધ્યા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. અંતમાં ફરીયાદપક્ષેથી આંક–૨૨ થી તપાસ કરનાર અમલદારને તપાસવામાં આવેલ છે. સદર સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતાં તેઓએ સદર ગુનામાં ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો નિચોડ રજુ કરેલ છે.

**(૨૭)** ઉપરોકત સાહેદોના પુરાવામાંથી ફકત એટલી જ હકીકત બહાર આવેલ છે કે અકસ્માતનો બનાવ એસ.ટી.બસ અને ટ્રક વચ્ચે રાવળપુરા નેશનલ હાઈવે નંબર–૮ ઉપર બનેલો. સદર અકસ્માતમાં સાહેદ નંબર–૧૦ ની નાની દીકરી ધરતી ઉ.વ.૭ ને માથામાં તથા કપાળમાં ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી તથા સાહેદ નંબર–૧૪ ના દિકરા મેહુલ ઉ.વ.૧૪ નાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા સાહેદ નંબર–૧૨નાની દિકરી નિધી ઉ.વ.૧૪ ને માથા ઉપર ઈજા પહોંચાડી તથા સાહેદ નંબર ૧૬ થી ૧૮ નાઓને શરીરે વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલી. સદરહુ બનાવ આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને બેદરકારી ગફલતભરી રીતે હંકારી લાવી અકસ્માત કરેલ હોવાની હકીકત એક પણ સાહેદોના પુરાવા થી પુરવાર થતી નથી.વળી, ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામાં આવે તો, બનાવ સમયે ટ્રકના ડ્રાઈવર કોણ હતાં? બનાવ સમયે અને સ્થળે તેના ચાલકે સદર વાહન ખરેખર શું ગતિથી ચલાવેલ તે બાબતે કોઈ જ કથનો સાહેદોએ કરેલા નથી. તેમજ ફરીયાદી તથા સાહેદોના પુરાવાઓ થકી આરોપીની ઓળખાણ પ્રસ્થાપિત થતી હોય તેવો એક પણ સાહેદનો પુરાવો આવેલ નથી. તે જોતાં હાલના આ ગુનાનાં કામે આરોપીની સં ડોવણી હોવાનું ફરીયાદી સાહેદોની જુબાનીથી રેકર્ડ પર આવતું ન હોય તેના પર સર્મથનકારી પુરાવાઓના અભાવે આધાર રાખી આરોપીને ગુનાનાં કામે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૨૮)** આમ, ઉકત સમગ્ર ચર્ચાનાં અંતે અહીં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધના આક્ષેપો જેવાં કે,

બનાવ તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ તા. ૧૬/૦૫/૨૦૧૨ના રોજ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે આણંદથી નડીયાદ, રાવલપુરા ને.હા. નંબર (૮) ઉપર પુરઝડપે અને બેફીકરાઈથી હંકારી આવી નડીયાદ તરફથી આવતી એસ.ટી.બસ નં .જી.જે.૧૮.વાય ૫૯૬૯ તેની સાઈડે આવતી હોય તે વખતે બસની ડ્રાઈવર સાઈડે ઘસીને જતાં એકસીડન્ટ કરી અંદર બેઠેલ પેસેન્જરો પૈકી સાહેદ નંબર–૧૦ ની નાની દીકરી ઘરતી ઉ.વ.૭ ને માથામાં તથા કપાળમાં ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી તથા સાહેદ નંબર–૧૪ ના દિકરા મેહુલ ઉ.વ.૧૪ નાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા સાહેદ નંબર–૧૨નાની દિકરી નિધી ઉ.વ.૧૪ ને માથા ઉપર ઈજા પહોંચાડી તથા સાહેદ નંબર ૧૬ થી ૧૮ નાઓને શરીરે વધતા ઓછા પ્ર માણમાં ઈજાઓ પહોંચાડી એસ.ટી.બસ તથા ટ્રકને નુકશાન પહોંચાડી ભારતીય દંડ સં હિતાની કલમ–૨૭૯,૩૩૭, ૩૦૪(અ)તેમજ મોટર વેહીકલ એકટની કલમ–૧૭૭, ૧ ૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાનું સબળ, શ્રેષ્ઠ, સચોટ, સર્મથનકારી, વિશ્વસનીય અને કડીબધ્ધ પુરાવો રજુ રાખી નિ:શંકપણે પુરવાર કરવામાં સરીયામ નિષ્ફળ રહેલ હોઈ ઉપરોકત મુદ્દા નં. ૧ નો જવાબ નકારાત્મક ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: <u>આ ખ રી હુ ક મ</u> :–

**(૧))** આ કામના આરોપી –ભરતપ્રસાદ રામદેવ જયસ્વાલ,ઉ. વ. ૪૮, મુળરહે. શીવાપાડ, તા. ધનગરા,જી.સંતકબીર, ઉત્તરપ્રદેશનાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ કલમ–૨૫૫ (૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭,૩૦૪(અ)તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત શિક્ષા પાત્ર ગુન્હાના કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૩(૬) વંચાણે લેતા, પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, બિનતહોમત, છોડી મૂકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **૧૫મી,** માહે **જુન** સને–**૨૦૨૩** ના રોજ ખુલ્લી

અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એસ.એન.પુંજાણી)**

તારીખ :–૧૫/૦૬/૨૦૨૩

સ્થળ :–આણંદ

ચોથા એડીશ્નલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ
આણંદ
**GJ-01050**